# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



**કારમાંથી 49 લાખ રોકડા મળી આવ્યા | આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ઓફિસ બહાર જ બહાર એસીબીનો ધડાકો**

# આણંદ એસઓજીના PSIનો વચેટિયો ૨ લાખની લાંચ પકડાયો

**આણંદમાં બેંક** એકાઉન્ટ અનફ્રીજ કરવા વચેટિયો ઝડપાયો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯

આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાની તપાસ સંદર્ભે ફરિયાદીનું ફ્રીજ થયેલું બેંક એકાઉન્ટ અનફ્રીજ કરવા તેમજ તેમની ધરપકડ ન કરવાના બદલામાં રૂપિયા ૨ લાખની લાંચ માગનારા સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ આણંદના પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને વચેટિયા સામે અમદાવાદ એસીબીએ સફળ કાર્યવાહી કરી છે. ૨૯મી ઓક્ટોબરના રોજ એસઓજી ઓફિસના દરવાજા પાસે ઊભેલી મારૂતિ સિયાઝ કારમાં રૂ. ૨ લાખની લાંચ સ્વીકારતા વચેટિયાને એસીબીની ટીમે રંગેહાથ ઝડપી લીધો હતો. વળી, પંચોની હાજરીમાં આ કારની ઝડતી લેતાં તેમાંથી શંકાસ્પદ રૂ. ૪૯ લાખની જંગી રોકડ પણ મળી આવી છે.

આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ શાખાના પોલીસ સબ ઈન્સ્પેક્ટર વી.એન. રાઠોડ તથા ખાનગી ઈસમ દિલીપ ઉર્ફે દિપુ ભીખાભાઇ પટેલ દ્વારા આણંદ ટાઉન પોલીસ સ્ટેશન ગુનાની તપાસના કામ સંબંધમાં ફરિયાદીના ફ્રીજ થયેલ બેંક એકાઉન્ટને અનફ્રીજ કરવા તથા આ ગુનાના કામે ફરિયાદીની ધરપકડ ન કરવાના નામે રૂ.



બે લાખની લાંચની માગણી કરવામાં આવી હતી.

જોકે, જાગૃત નાગરિક એવા ફરિયાદી આ લાંચની રકમ આપવા માગતા ન હોવાથી તેમણે અમદાવાદ એસીબીનો સંપર્ક કરી રૂબરૂ ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે એસીબી ફીલ્ડ-૧, અમદાવાદના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.એન. પટેલ તથા તેમની ટીમે તુરંત લાંચનું છટકું ગોઠવ્યું હતું.

આ છટકા મુજબ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ ઓફિસના દરવાજા પાસે સિયાઝ કારમાં ટ્રેપ ગોઠવાઈ હતી. ૨૯મી ઓક્ટોબરના રોજ એસઓજી ઓફિસની બહાર અને દરવાજા નજીક પાર્ક કરેલી દિલીપ પટેલની કબ્જાની મારૂતિ સિયાઝ કાર પાસે ટ્રેપ ગોઠવવામાં આવી હતી. ફરિયાદી પાસેથી વચેટિયા દિલીપ પટેલે રૂ. બે લાખની લાંચની રકમ સ્વીકારતાં જ એસીબીની ટીમે ત્રાટકીને તેને રંગેહાથ પકડી પાડ્યો હતો.

આ કાર્યવાહી દરમિયાન પોલીસ સબ ઈન્સ્પેક્ટર વી.એન. રાઠોડ ઘટનાસ્થળે હાજર મળી આવ્યા ન હતા. જોકે, પંચોની રૂબરૂમાં દીપુની સિયાઝ કારની ઝડતી તપાસ કરતા કારમાંથી શંકાસ્પદ રકમ રૂ. ૪૯ લાખ રોકડા મળી આવ્યા હતા. એસીબીની ટીમે આ રકમ જપ્ત કરીને સમગ્ર મામલે આગળની કાયદેસરની તપાસ ચાલુ રાખી છે.

### ₹51 લાખ કોના ખિસ્સામાં જવાના હતાં ?

આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ઓફિસ બહાર જ અમદાવાદ એસીબીએ છટકું ગોઠવું પોલીસ સબ ઇન્સ્પેક્ટરના વચેટિયાને રૂ.51 લાખ જેવી માતબર રોકડ રકમ સાથે પકડી પાડ્યો છે. આ માતબર રકમ કોના ખિસ્સામાં જવાની હતી ? મહિનાના અંતમાં આટલી મોટી રકમ ક્યાંથી લાવ્યો ? કોના ત્યાંથી ઉઘરાણી કરી ? જેવા અનેક સવાલ પ્રજા વચ્ચે ઉભા થયાં છે. જોકે, એક ચર્ચા મુજબ કારમાં મળી આવેલી રકમ 49 લાખ કરતાં પણ વધુ હતી.

---

**કરમસદ - આણંદ મનપાને સ્વચ્છતા સર્વેક્ષણની ૨૩ કરોડની ગ્રાન્ટ છતાં પ્રજાપર મનસ્વી કરબોજ**

# કરમસદ-આણંદ મનપામાં રૂ.૧૨ કરોડનો નવો યુઝર ચાર્જ ઝીંકાયો

**વિપક્ષના આઠેય** કોર્પોરેટરોએ સાધારણ સભામાં હોબાળો મચાવી સૂત્રોચ્ચાર કર્યા

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯

કરમસદ - આણંદ મનપા દ્વારા સેનિટરી ઠરાવ, સરકારના આદેશ અને સુપ્રીમ કોર્ટની સૂચના મુજબ 'સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ બાય લોઝ ૨૦૨૬' ની અમલવારી કરવા માટે યોજાયેલી ખાસ સાધારણ સભામાં વિપક્ષના તીવ્ર વિરોધ વચ્ચે રૂ. ૧૨ કરોડનો નવો યુઝર ચાર્જ બહુમતીથી મંજૂર કરી દેવામાં આવ્યો છે. મેયર દીપિકા પટેલની અધ્યક્ષતા અને કમિશ્નર ડોડીયાની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં શહેરના સામાન્ય મિલકત ધારકો, કોમર્શિયલ અને સંસ્થાઓ પર ભારે યુઝર ચાર્જ ઝીંકી દેવાતાં કોંગ્રેસના કોર્પોરેટરોએ એજન્ડાની હોળી કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું.

કરમસદ - આણંદ મનપાને સ્વચ્છતા સર્વેક્ષણ અભિયાન અંતર્ગત ડોર-ટુ-ડોર કચરો એકત્ર કરવા તથા પ્રોસેસિંગ કરી નિકાલ કરવા માટે વાર્ષિક રૂ. ૨૩ કરોડની ગ્રાન્ટ આપવામાં આવે છે. તેની સામે મનપા દ્વારા રૂ. ૧૦ કરોડનો જ ખર્ચ કરવામાં આવે છે. આ સંજોગોમાં ગ્રાન્ટના બાકીના રૂ. ૧૩ કરોડ ક્યાં જાય છે ? તે અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. ગ્રાન્ટની માતબર રકમ ઉપલબ્ધ હોવા છતાં મનપાએ ઘન કચરા નિકાલ માટે સામાન્ય મિલકત ધારકો પાસે ઘર દીઠ રૂ. ૭૦ અને સ્લમ વિસ્તારમાં રૂ. ૩૦નો સીધો કરબોજ ઝીંકી દઈ જનતા પર રૂ. ૧૨ કરોડનો બોજ નાખી દીધો છે.

નવા બાય-લોઝ અનુસાર, મનપા દ્વારા કોમર્શિયલ મિલકતો અને સંસ્થાઓ પર રૂ. ૯૦૦થી લઈને રૂ. ૧૨ હજાર સુધીનો યુઝર ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, શહેરની મોટી સંસ્થાઓ પાસેથી રૂ. ૫૦ હજાર સુધીનો ચાર્જ વસૂલવાની જોગવાઈ કરવામાં આવી છે. જોકે, દંડ અને સેનિટરી લેન્ડફીલ ફીની અસ્પષ્ટ જોગવાઈઓ દૂર કરી મનપા પોતાની જવાબદારી નક્કી કરે તેવી વિપક્ષે માગ કરી હતી.

### સાધારણ સભામાં ભારે હોબાળો અને એજન્ડા સરેઆમ સળગાવાયો



કરમસદ - આણંદ મનપા ખાતે માત્ર આ એક જ કામકાજ માટે ખાસ સાધારણ સભા યોજવામાં આવી હતી અને બહુમતીના જોરે આ એજન્ડા મંજૂર કરી લેવાયો હતો. જોકે, વિપક્ષી કોર્પોરેટર અલ્પેશ પઢીયાર, સલીમ દિવાન, ડો. જાવેદ વ્હોરા અને એરિકા મેકવાન સહિત તમામ આઠેય કોર્પોરેટરોએ આ નિર્ણયનો ઉગ્ર વિરોધ કર્યો હતો અને સભાખંડમાં જ એજન્ડાની હોળી કરી સૂત્રોચ્ચાર સાથે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

---

**નવીન બસ સ્ટેશન માટે નિ:શુલ્ક જમીન , રોડ રિસર્ફેસિંગ , ડ્રેનેજ સહિતના કામો લેવાયાં**

# કરમસદ-આણંદ મહાનગરપાલિકાના ૧૧ કરોડથી વધુના વિકાસ કામોને બહાલી

**ગીગ વર્કર્સ માટે** 'રેસ્ટ રૂમ' અને 'ડોગ હોસ્ટેલ' પ્રકલ્પો મંજૂર

**સ્થાયી સમિતિની** બેઠકમાં ૩૦ મહત્વના વિષયો પર મહોર

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯

કરમસદ - આણંદ મનપાની સ્થાયી સમિતિની અગત્યની બેઠક સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન મયુરભાઈ સુથારની અધ્યક્ષતામાં અને મનપા કમિશનર આર. એન. ડોડીયાની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ બેઠકમાં નાગરિકોની સુવિધા, રોડ-રસ્તા અને માળખાકીય સુવિધાઓ સહિત શહેરના સર્વાંગી વિકાસ માટે રૂ. ૧૧ કરોડથી વધુ રકમના કલેક્ટિવ ૩૦ મહત્વના વિષયોને મંજૂરી આપવામાં આવી છે. આ બેઠકમાં માત્ર પરંપરાગત વિકાસકામો જ નહીં, પરંતુ ડિલિવરી બોયઝ-ડ્રાઈવરો માટે વિશેષ 'રેસ્ટ રૂમ' અને હડકવા નિયંત્રણ માટે 'ડોગ હોસ્ટેલ' બનાવવા જેવા પ્રજાહિતના અનોખા નિર્ણયો લેવામાં આવ્યા છે.

આણંદ શહેરમાં કેબ, ઓટો સર્વિસ અને ફૂડ ડિલિવરી ક્ષેત્રે કાર્યરત ગીગ વર્કર્સ માટે રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન અને મુખ્ય બજારો જેવા વિસ્તારોમાં પીવાનું પાણી, શૌચાલય, વિશ્રામ સ્થળ અને મોબાઈલ ચાર્જિંગ સુવિધા ધરાવતા 'રેસ્ટ રૂમ' મનપાની જગ્યાઓ પર ઊભા કરવામાં આવશે.

ગુજરાત એસટી દ્વારા આણંદ ખાતે નવા બસ સ્ટેશનનું નિર્માણ થનાર હોવાથી મુસાફરો અને વિદ્યાર્થીઓની સગવડ અર્થે નજીકમાં આવેલી ટીપી સ્કીમ નં. ૩ (ફાઈનલ પ્લોટ નં. ૫) વાળી મનપાની જગ્યા ૨૪ માસ માટે ટેમ્પરરી લીનિયર બસ સ્ટેશન બનાવવા નિ:શુલ્ક ફાળવાશે.

### ડોગ હોસ્ટેલ અને ઢોર અંકુશ

હડકવા નિયંત્રણ, રસીકરણ અને ખસીકરણ માટે મળનાર રૂ. ૨.૫૦ કરોડની ગ્રાન્ટમાંથી 'ડોગ હોસ્ટેલ' બનાવવાનું આયોજન કરાયું છે. શહેરમાં રખડતા ઢોરના ત્રાસ અંકુશ માટે સ્પેશિયલ કન્સલ્ટન્ટ નિમાશે તથા ઢોર પકડવા નવીન બોલેરો અને પિક-અપ વાનની ખરીદી કરાશે.

### સ્વચ્છતા , ડમ્પિંગ સાઈટ અને માર્ગ નામાભિકરણ

ઘરે-ઘરે કચરાનું વર્ગીકરણ સમજાવવા સખી મંડળની બહેનો અને ૧૦૦ સ્વયંસેવકોની મદદ લેવાશે. લાંભવેલ ડમ્પિંગ સાઈટ ફરતે રૂ. ૫૫.૪૧ લાખના ખર્ચે ૯૪૨ મીટર લંબાઈની પેનલ બાઉન્ડ્રી વોલ બનશે. વિદ્યાનગર રોડ પર D.Z. પટેલ સ્કૂલથી ઈન્દિરા ગાંધી સ્ટેચ્યુ સુધીના માર્ગનું નામાભિકરણ "સ્વાતંત્ર્ય સેનાની પંડિત શ્રી રામ શર્મા આચાર્યજી માર્ગ" કરાયું છે.

ટીપી-૪ મંગળપુરા અને શહેરના મુખ્ય માર્ગોના તાત્કાલિક રિસર્ફેસિંગ માટે રૂ. ૨.૦૦ કરોડ ફાળવાયા છે. આ ઉપરાંત મનપા હસ્તકના ૬ કોમ્યુનિટી હોલમાં જરૂરી રિપેરિંગ, રિનોવેશન અને સીસીટીવી કેમેરા લગાવવા માટે રૂ. ૪.૬૦ કરોડ મંજૂર કરાયા છે.

નાગરિકોને શુદ્ધ પાણી મળી રહે તે માટે રૂ. ૧૫ લાખના ખર્ચે નવા ક્લોરિનેશન પ્લાન્ટ, ૧૨ ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશનો માટે રૂ. ૨.૪૧ કરોડની મશીનરી, ઈલોરા પમ્પિંગ સ્ટેશન પાસે મુખ્ય ગટર લાઈન રિપેરિંગ માટે રૂ. ૩૫.૩૩ લાખ અને ગ્રીડ ચોકડી પાસે રૂ. ૩૪.૯૩ લાખના ખર્ચે વરસાદી પાઈપલાઈન નાખવામાં આવશે.

---

# બોરસદ પાલિકાના રોજમદાર કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા

**કાયમી કરવાની** માંગણી નહીં સંતોષાતાં કર્મચારીઓનુ પાલિકા કચેરી બહાર જ આંદોલન

(પ્રતિનિધિ) આણંદ તા ૨૯

બોરસદ નગરપાલિકામાં વર્ષોથી રોજમદાર તરીકે ફરજ બજાવતા ૧૧૦ કર્મચારીઓએ કાયમી કરવાની માંગણીનો ઉકેલ નહીં આવતાં આખરે હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે. કર્મચારીઓએ ગુરુવાર ૨૯ ઓક્ટોબરે નગરપાલિકા કચેરી બહાર હડતાળ શરૂ કરતાં પાલિકાના વિવિધ વિભાગોની કામગીરી પર અસર થવાની સ્થિતિ સર્જાઈ છે.

નગરપાલિકાના મંજૂર થયેલા લઘુતમ મહેકમમાં ખાલી પડેલી જગ્યાઓ સામે વર્ષોથી ફરજ બજાવતા રોજમદાર કર્મચારીઓને લાયકાત અને લાગુ પડતા નિયમો મુજબ કાયમી ધોરણે સમાવી લેવાની માંગ કરવામાં આવી રહી છે.



આ અંગે કર્મચારીઓએ અગાઉ નગરપાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસરને આવેદનપત્ર આપવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, બંને અધિકારીઓ હાજર ન હોવાથી કર્મચારીઓએ ઓફિસ સુપરિન્ટેન્ડેન્ટ (ઓ.એસ.)ને આવેદનપત્ર સુપરત કર્યું હતું.

આ ઉપરાંત, માંગણીઓનો ઉકેલ લાવવા માટે કર્મચારીઓએ તંત્રને ૧૦ દિવસનું આખરી અલ્ટીમેટમ પણ આપ્યું હતું. તેમ છતાં કોઈ સંતોષકારક નિર્ણય નહીં લેવાતાં કર્મચારીઓએ હડતાળ પર ઉતરવાનો નિર્ણય લીધો છે.

આ હડતાળમાં સફાઈ વિભાગ, ઓફિસ સ્ટાફ, લાઈટ વિભાગ, ગટર વિભાગ અને પાણી પુરવઠા સહિતના વિવિધ વિભાગોના કર્મચારીઓ જોડાયા છે. પરિણામે શહેરની સફાઈ, પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા, સ્ટ્રીટલાઇટની જાળવણી તેમજ પાલિકાના વહીવટી કામકાજ પર અસર થવાની ભીતિ સેવાઈ રહી છે.

કર્મચારીઓની મુખ્ય માંગણી મંજૂર મહેકમમાં ખાલી પડેલી જગ્યાઓ સામે નિયમોનુસાર કાયમી નિમણૂક આપવાની છે. વર્ષોથી સેવા આપતા હોવા છતાં માંગણીનો ઉકેલ નહીં આવતાં હડતાળ કરવાની ફરજ પડી હોવાનું કર્મચારીઓ જણાવી રહ્યા છે. માંગણીઓ અંગે સંતોષકારક નિર્ણય નહીં આવે ત્યાં સુધી હડતાળ ચાલુ રાખવાની પણ તેમણે ચીમકી ઉચ્ચારી છે.

---

# બાકરોલ : બંધ મકાનમાંથી ૪.૨૫ લાખની મતા ચોરાઈ

**સસરાના બેસણામાં** ગયેલા એલઆઈસી એજન્ટના મકાનમાં ચોરો ત્રાટક્યા

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯

આણંદના બાકરોલ ગામના જોગણી માતા રોડ પર આવેલી પુષ્કર ફ્લોરેન્સ સોસાયટીમાં તસ્કરોએ એક બંધ મકાનને નિશાન બનાવી ૧.૫૦ લાખની રોકડ રકમ અને સોના-ચાંદીના દાગીના મળી કુલ ૪.૨૫ લાખના મુદ્દામાલની ઘરફોડ ચોરી આચરીને પોલીસ પેટ્રોલિંગના દાવા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

બાકરોલની પુષ્કર ફ્લોરેન્સ સોસાયટીમાં રહેતા ૪૪ વર્ષીય સતીષભાઈ ઈશ્વરભાઈ વાળંદના સસરાનું અવસાન થયું હોવાથી ગત ૨૬મી ઓક્ટોબરના રોજ બાલાસિનોર ખાતે દસમું, બારમું અને બેસણું રાખવામાં આવ્યું હતું. જેના કારણે સતીષભાઈ ગત ૨૫મી ઓક્ટોબરે પરિવાર સાથે બાલાસિનોર ગયા હતા. આ દરમિયાન ૨૭ ઓક્ટોબરની સાંજના સુમારે અજાણ્યા તસ્કરોએ મકાનના મુખ્ય દરવાજાના તાળાનો નકુચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. આ ચોરીમાં મકાનમાં પ્રવેશ્યા બાદ તસ્કરોએ લાકડાની તિજોરી અને કબાટના લોક તોડી નાખ્યા હતા. કબાટમાંથી દોઢ તોલાનું સોનાનું મંગળસૂત્ર, સોનાની ૭ નંગ બુટ્ટી, કાનની બે શેર, ૪ સોનાના પાટલા, ૨ સોનાની ચેઈન, વીંટી, પેન્ડલ તેમજ ચાંદીના છડા અને સિક્કા મળી કુલ ૨.૭૫ લાખની કિંમતના દાગીના અને કબાટમાં રાખેલી ૧.૫૦ લાખની રોકડ રકમ ચોરી લીધી હતી.

આ ઘટનાની જાણ ત્યારે થઈ જ્યારે પડોશીએ મકાનનો દરવાજો ખુલ્લો જોયો અને તુરંત સતીષભાઈને ફોન કરીને જાણ કરી. પરિવારજનો તાત્કાલિક બાકરોલ દોડી આવ્યા હતા અને તપાસ કરતા ઘરમાં ચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું. આ બનાવ અંગે વિદ્યાનગર પોલીસે અજાણ્યા ચોરો વિરુદ્ધ ચોરી અને ઘરફોડ ચોરીનો ગુનો નોંધી ચોરોને ઝડપી પાડવા કાયદેસરની તપાસ હાથ ધરી છે.

---

# આણંદમાં ૨.૯૮ લાખથી વધુનો વેરો ન ભરતાં ૧૫ દુકાનો સીલ

**લેખિત નોટિસ છતાં** વેરો ન ભરનારા મિલકતધારકો સામે કડક કાર્યવાહી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯

કરમસદ-આણંદ મનપાની રિકવરી ટીમ દ્વારા બાકી વેરાની વસૂલાત માટે આક્રમક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશ અંતર્ગત આણંદ-વિદ્યાનગર રોડ, રાજમાર્ગ રોડ અને 100 ફૂટના રોડ પર આવેલી તથા 2,98,251નો બાકી વેરો ભરપાઈ ન કરનાર કુલ 15 જેટલી દુકાનોને તાત્કાલિક અસરથી સીલ કરી દેવામાં આવી છે.

કરમસદ - આણંદ મનપાની રિકવરી ટીમના અધિકારીના જણાવ્યા મુજબ, બાકી વેરાની રકમ જમા કરાવવા માટે પ્રોપર્ટી માલિકોને અગાઉ લેખિત નોટિસ આપવા છતાં અને વારંવાર સૂચનાઓ આપવા છતાં પણ વેરો ભરવામાં આવ્યો ન હતો. આથી આખરે મનપા તંત્ર દ્વારા દુકાનો સીલ કરવાની કડક ફરજ પડી હતી.





કરમસદ - આણંદ મનપા વિસ્તારના તમામ નાગરિકો અને મિલકતધારકોને તેમની પ્રોપર્ટીનો બાકી વેરો તાત્કાલિક જમા કરાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. જો બાકી વેરો ભરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં પણ પ્રોપર્ટી સીલ કરવાની આવી જ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે. વધુમાં, મહાનગરપાલિકાની આ રિકવરી ઝુંબેશ હાલમાં સતત ચાલુ જ રહેશે તેમ પણ અધિકારીઓએ ઉમેર્યું હતું.

કરમસદ - આણંદ મહાનગરપાલિકા દ્વારા ઓક્ટોબર મહિનામાં બાકી વેરા સંદર્ભે કડક કાર્યવાહી હાથ ધરતાં લાંબા સમયથી વેરો ન ભરતાં શખસોમાં ભારે ફફડાટની લાગણી ફલાઈ છે. જેના પગલે હાલ મનપાની તિજોરી છલકાઈ રહી છે.

---

# પીપળાવની બે વિદ્યાર્થિનીની સંસદ ભવનના વિશેષ કાર્યક્રમમાં પસંદગી

**CIET-NCERT** દ્વારા દેશભરમાંથી પસંદ કરાયેલા ૩૬ વિદ્યાર્થીમાં પીપળાવના ૨ વિદ્યાર્થીનો સમાવેશ

(પ્રતિનિધિ) સોજિત્રા તા ૨૯

સોજિત્રા તાલુકાના પીપળાવ ગામની એમ. એમ. પટેલ સાર્વજનિક હાઈ ઉચ્ચ પ્રાથમિક વિભાગની બે વિદ્યાર્થીનીઓએ પૂરું પાડ્યું છે. પીપળાવની બે વિદ્યાર્થીનીઓની નવી દિલ્હીના સંસદ ભવન ખાતે યોજાનારા વિશેષ કાર્યક્રમ માટે પસંદગી થતાં તાલુકા અને આણંદ જિલ્લાનું ગૌરવ વધ્યું છે.

ભારત સરકારના CIET-NCERT, નવી દિલ્હી દ્વારા અગાઉના વર્ષ દરમિયાન ૨ વખત રાજ્ય અને પ્રદેશકક્ષાના વિજ્ઞાન મેળામાં તાલુકાના પ્રતિનિધિત્વ ઉપરાંત વિવિધ ક્ષેત્રોમાં કરેલા ઉત્કૃષ્ટ પ્રદર્શનના આધારે CIET-NCERTની ટીમ દ્વારા સર્વેને આધારે સમગ્ર ભારતમાંથી પસંદ કરાયેલા ૩૬ વિદ્યાર્થીઓમાં પૈકી સોજીત્રા તાલુકાના પીપળાવ શાળાની બે વિદ્યાર્થીનીઓ સોલંકી ધ્રુવી ચિરાગભાઈ અને મહિડા વેદાંશી



ભરતસિંહનો સમાવેશ થયો છે. લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ નવી દિલ્હીના સંસદ ભવન ખાતે યોજાનારા વિશેષ કાર્યક્રમમાં બંને વિદ્યાર્થીનીઓને ઉપસ્થિત રહેવા વકતવ્ય માટે આમંત્રણ મળ્યું છે. રાષ્ટ્રીય સ્તરે યોજાનારા આ કાર્યક્રમમાં ભાગ લેવાની તક બંને વિદ્યાર્થીનીઓની સિદ્ધિમાં વધુ એક ગૌરવપૂર્ણ પ્રકરણ ઉમેરશે. પીપળાવની આ બંને દીકરીઓ સંસદ ભવન ખાતે યોજાનારા કાર્યક્રમમાં સોજિત્રા તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે. તેમની પસંદગીથી શાળા પરિવાર, કેળવણી મંડળ અને સ્થાનિક શૈક્ષણિક વર્તુળોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

વધુમાં આ બંને દીકરીઓ પીપળાવ માધ્યમિક શાળા ધો.9 માં હાલ અભ્યાસ કરે છે વિદ્યાર્થીનીઓની આ સિદ્ધિ અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બની રહેશે. શિક્ષણ અને વિવિધ પ્રવૃત્તિઓમાં આવી સિદ્ધિઓ દ્વારા પીપળાવ, સોજિત્રા તાલુકા અને આણંદ જિલ્લાનું નામ રાષ્ટ્રીય સ્તરે ઉજ્જવળ બને તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

આ સિદ્ધિ બદલ માર્ગદર્શકો શાળાના આચાર્ય સાગરભાઈ પટેલ, શિક્ષકો અંજનાબેન શાહ અને મહેશભાઈ રબારી, સેકન્ડરી એજ્યુકેશન કો-ઓર્ડિનેટર શૈલેષભાઈ પરમાર તથા બંને વિદ્યાર્થીનીઓ, સમગ્ર શાળા પરિવાર તથા કેળવણી મંડળ પ્રમુખ દિલીપભાઈ પટેલ, ધારાસભ્ય વિપુલભાઈ પટેલ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યાં છે.

**ગુજરાતમિત્ર** તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
મો. 99250 30225, મો. 99255 50225